હરિ ૐ આશ્રમ પ્રેરિત પ્રકાશન

૩૨

# ઝગમગિયાં

અમૃતલાલ છ. પારેખ

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯

હરિ ૐ આશ્રમ પ્રેરિત

શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા : પુસ્તક આડત્રીસમું

# ઝગમગિયાં

અમૃતલાલ છ. પારેખ

ગુજરાતી સાહિત્ય પરિષદ

આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ – ૩૮૦ ૦૦૯

: પ્રકાશક :
રઘુવીર ચૌધરી
મંત્રી
ગુજરાતી સાહિત્ય પરિષદ
આશ્રમ માર્ગ, નદીકિનારે
અમદાવાદ – ૩૮૦ ૦૦૯

□

© અમૃતલાલ છ. પારેખ

□

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૩

પ્રત : ૧૨૫૦

મૂલ્ય : રૂ. ૪/—

□

આવરણસંયોજન : શૈલેશ મોદી

□

આવરણમુદ્રણ : દીપક પ્રિન્ટરી, અમદાવાદ–૩૮૦ ૦૦૧

□

: મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧

# અર્પણ

સમર્થ પ્રતિભાના સ્વામી હોવા છતાં,
વિરલ નમ્રતા, વિશુદ્ધ સંસ્કારિતા,
શિશુસહજ સરલતાથી સમન્વિત, સૌમ્ય વ્યક્તિત્વથી ઓપતા,
ગૂજરાતના મહાસારસ્વત પરમ આદરણીય
શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને
પુનિત કરકમળે સમર્પિત

અ. છ. પારેખ

# શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

શ્રી હરિ ૐ આશ્રમ તરફથી બાળકોનું ચારિત્ર્યઘડતર કરે તેવાં બાલસાહિત્યના સર્જન માટે ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ. ૧૨,૦૦૦નું દાન આપવામાં આવ્યું છે. બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મતાંતરક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સદ્ભાવ જેવાં ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે તેવા બાલસાહિત્યનું સર્જન કરવાનો આનો હેતુ છે. આ ઉદ્દેશને પ્રગટ કરતાં ચરિત્રો, વાર્તાઓ, નાટિકાઓ અને કથાકાવ્યો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રગટ કરવામાં આવ્યાં છે. ૧૯૬૭થી શરૂ થયેલી આ ગ્રંથમાળાનું આ આડત્રીસમું પ્રકાશન બાલકાવ્યોનું છે. શ્રી અમૃતલાલ પારેખનાં આ બાલકાવ્યો બાળકો જરૂર હોંશે હોંશે વાંચશે અને ગાશે.

ગુજરાતનાં બાળકોએ અગાઉ અમારાં પ્રકાશનોને જે રીતે આવકાર્યાં છે તે રીતે આ બાલકાવ્યોને પણ આવકારશે તેવી અમને શ્રદ્ધા છે.

**મંત્રીઓ**

તા. ૧૦-૪-'૮૩ ગુજરાતી સાહિત્ય પરિષદ

# સાચી વત્સલતાનું હૃદ્ય પરિણામ

મુરબ્બી શ્રી અમૃતલાલભાઈ પારેખને એક-બે વાર પ્રત્યક્ષ મળવાનું થયું છે. એમની સંસ્કારિતા અને સુજનતાની અમીર છાપ મારા હૃદય પર પડી છે. ગણદેવીમાં રહીને તેઓ ગુજરાતી ભાષા-સાહિત્યની સરવાણી સાથેનો સમ્પર્ક બરાબર જાળવી રહ્યા છે. આપણું કંઈક સારું વાંચે તો પત્ર લખ્યા વિના ન રહે અથવા ભાઈ મહેન્દ્ર દ્વારા શુભેચ્છાના બે બોલ પાઠવે. પોતાની કવિતાપ્રવૃત્તિ વિષે ક્યારેય કશી વાત ન કરે. પ્રસિદ્ધિની ખેવના જ નહિ. પરોક્ષપણેય એમનાં શુભાશિષનો આપણને અનુભવ થતો રહે તેવું તેમનું વ્યક્તિત્વ. એમનું વાત્સલ્ય આપણને અચૂક સ્પર્શી જાય.

આવા વત્સલમૂર્તિ મુ. શ્રી અમૃતલાલભાઈ બાળકાવ્યો લખે છે એમ મેં જાણ્યું ત્યારે મને લગીરેય આશ્ચર્ય નહોતું થયું. એમની વત્સલતા એમની પાસે બાળગીતો ન લખાવે એમ બને જ નહિ. એની પ્રતીતિરૂપે એમનો બાળકાવ્યસંગ્રહ ઉપલબ્ધ છે. અને હવે તેમનો નવો બાળકાવ્યસંગ્રહ 'ઝગમગિયાં' ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકટ કરે છે. આ ઘટના આનંદજનક છે. બાળહૃદયના ભાવોમાં, બાળકના જીવનમાં, બાળમાનસની રૂડી-રૂપાળી ગલીકૂંચીઓમાં પૂરેપૂરા ઓતપ્રોત થઈને બાળકાવ્યો આપનારા મુ. શ્રી અમૃતલાલભાઈ જેવા કવિઓ આપણી ભાષામાં ઝાઝા નથી. જેમ કે મેં કદી બાળકાવ્ય લખ્યું જ નથી. લખી પણ ન શકું. એ માટે બાળક પ્રત્યે અસીમ પ્રેમ ધરાવતું હૈયું જોઈએ. બધા કવિઓ પાસે એ ક્યાંથી, શી રીતે અને શાનું હોય ? ભલેને પછી એ કવિઓ મોટા ગણાતા હોય! મોટા છતાં બાળકો માટે સાચું સાહિત્ય લખનારા તો કોક જ ગુરુદેવ ટાગોર સરખા હોય તો હોય.

'ઝગમગિયાં'નાં બાળકાવ્યો વાંચતાં-ગુંજતાં-ગણગણતાં મારા મન પર જે પહેલી છાપ પડે તે એ કે આ કાવ્યોના રચયિતા કવિ ન્હાનાલાલની પેઢીના કવિ હોવા જોઈએ. કેટલીક લઢણો, ભાવસૃષ્ટિ, શબ્દવિન્યાસ, લયરચના ઇત્યાદિ ન્હાનાલાલીય કવિપેઢી સાથે તંતુ ધરાવતાં લાગે છે. એને પરિણામે સહજપણે વિચારો અને કલ્પનાનું સૌષ્ઠવ, ભાષાનું માધુર્ય તથા પ્રાસાદિકતા તેમ જ લયની એકંદર સફાઈ આ ગીતોમાં ઊતરી આવ્યાં છે.

આ બાળગીતો ચિત્ત પર જે બીજી માનાર્હ મુદ્રા ઉપસાવે છે તે એ કે તેના સર્જક પ્રબળપણે પ્રકૃતિતત્ત્વોનાં સૌન્દર્ય અને શ્રી પ્રત્યે અભિમુખ થયેલા છે. ફૂલ, તારા, ચન્દ્ર, ચાંદની, સૂરજ, ઝરણાં, સરિતા, વર્ષા, વસંત, પ્રકાશ, અંધકાર-આ અને આવાં ઘણાં પ્રકૃતિસ્પન્દનોને તેમણે વારંવાર, જુદા જુદા સન્દર્ભોમાં અને સહુથી વિશેષ તો શિશુની વિસ્મયઆંજી આંખે જોયાં-માણ્યાં-ઝીલ્યાં અને પછી શબ્દસ્થ કર્યાં છે.

તે સાથે ઘરની ચાર દીવાલોમાં, શેરીમાં કે શાળામાં બાળક તેના જીવનની જે કેટલીયે મધુર ક્ષણો પામે છે, જે ભાવાત્મક અનુભવો કરે છે, જે જડ-ચેતન-મનુષ્ય-પ્રાણી-પશુ-પંખી-પાત્રોના પરિચયમાં આવે છે પણ તે સર્વને મુ. શ્રી અમૃતલાલભાઈએ અનેક કાવ્યોમાં રસ પડે તે રીતે, બાળમાનસની ગતિવિધિઓના નકશાને બરાબર ધ્યાનમાં રાખીને સાકાર કર્યું છે. આ સંગ્રહમાં 'બા'ને કેન્દ્રમાં રાખીને બાળહૃદયના ભાવોને ગૂંથતી જે કેટલીક રચનાઓ છે અથવા ભાઈ-બહેનના હેત સંબંધને ઉપસાવતી જે કૃતિઓ છે તે ખાસ્સી આસ્વાદ્ય બની છે. એ જ રીતે બાળકના તરંગો, બડાશો, ફૂલણજી-પણું, વિનોદવૃત્તિ, અનુકરણશીલતા એ બધાંના કાવ્યઝબકારા પણ કવિશ્રીએ સ-રસ રીતે ઝીલી જાણ્યા છે. બાળમાનસમાં અનેક ભાવ-સંકેતો સર્જતા પડછાયાને પાત્ર બનાવીને કરેલી રચનામાં ખરેખર ચમત્કૃતિ અનુભવાય છે.

'ઝગમગિયાં'માં મોટા ભાગની રચનાઓ ગીતના પ્રકારની છે. વિવિધ પ્રકારના લયોને તેમણે અજમાવ્યા છે, અહીં જોડકણાં ઓછાં છે; જે છે તે સારાં છે. પ્રાસયોજના ક્યારેક દૂરાકૃત બની છે.

આ ગીતોમાં જે બાળહૃદય કે બાળમાનસ આલેખાયું – ઝિલાયું છે તે બાળક કદાચ ૧૯૮૩નું નહિ હોય! આજના અવકાશયુગમાં જીવતા, નગરજીવનમાં શ્વસતા, અંગ્રેજી માધ્યમની શાળામાં ભણતા, સ્માર્ટ, ફિલ્મી 'કલ્ચર'થી રંગાતા જતા સાંપ્રત બાળકની છબી કદાચ આ કાવ્યોમાં ખાસ જોવા નહિ મળે – જેવી ડૉ. સુરેશ દલાલનાં સંખ્યાબંધ બાળકાવ્યોમાં જોવા મળે છે. પણ તે અફસોસનો વિષય હરગીઝ નથી. મુ. શ્રી અમૃતલાલભાઈએ તેમની પેઢીના ભાવપરિવેશને વફાદાર રહીનેય બાળહૃદયના કેટલાક સનાતન ભાવો, કલ્પનાઓ તથા તરંગોને ગીતસ્થ કર્યાં છે અને તેનું પરિણામ મહદ્ અંશે તો હૃદ્ય તથા સુકર જ આવ્યું છે.

મુ. શ્રી અમૃતલાલભાઈની કલમથી ગુજરાતનાં બાળકોને હજી બીજાં આવાં ઘણાં બાળકાવ્યો મળતાં રહે એવી એમના બાળક જેવો હું પ્રાર્થના કરું તો તે અવિનય નહિ જ લેખાય.

સુરત – ૩
૮-૧-૧૯૮૩ **ભગવતીકુમાર શર્મા**

□

# પ્રાસ્તાવિક

બાલસાહિત્યક્ષેત્રે લેખકનો આ બીજો ગીતસંગ્રહ છે. પ્રથમ સંગ્રહ 'સરવરિયાં'ને સાક્ષરો, કવિઓ, સામયિકો અને વાચકવર્ગ તરફથી મળેલા સહૃદયી આવકારથી લેખક પ્રસન્નતા અનુભવે એ સ્વાભાવિક છે. 'સરવરિયાં'ની માફક આ સંગ્રહનું પ્રકાશન પણ આપણી મહાન સંસ્થા ગુ. સાહિત્ય પરિષદ દ્વારા થાય છે એથી એ પ્રસન્નતામાં વધારો થાય છે. લેખકને શ્રદ્ધા છે કે આ સંગ્રહ પણ પ્રથમ સંગ્રહની લોકપ્રિયતાને જાળવી રાખશે.

આમાંના ઘણાં કાવ્યો જુદાં જુદાં શિષ્ટ બાલમાસિકોમાં પ્રસિદ્ધ થયેલાં છે. કેટલાંક નવાં પણ છે. સંગ્રહમાં લેતાં પહેલાં એમાંનાં ઘણાંને સુધારેલાં–વધારેલાં ને મઠારેલાં છે. 'સરવરિયાં'નાં ગીતોની જેમ આ ગીતોની ભાવસૃષ્ટિ પણ બાળકોથી કિશોરોની અભિરુચિ, કલ્પના અને ઝંખના સુધી વિસ્તરેલી છે. આશા છે કે આ ગીતો બાળહૃદયને આનંદ, રંજન અને પ્રેરણા આપવામાં ઊણાં નહીં ઊતરે.

આ સંગ્રહ તૈયાર કરવામાં અને સમયે સમયે જોઈતું માર્ગદર્શન આપવામાં જે મિત્રોએ મદદ કરી છે તે સર્વનો સામટો આભાર આ સ્થળે માની લઉં છું. ખાસ કરીને મારા સ્વજન શ્રી ઠાકોરલાલ એમ. પારેખ, શ્રી મહેન્દ્ર ઈ. પરીખ, પ્રો. બંસીલાલ દલાલ અને સ્વ. ભૂપેશ અધ્વર્યુ–કે જેમના તાજેતરમાં થયેલા અકાળ અવસાનથી ગૂજરાતી સાહિત્યરસિકવર્ગે તીવ્ર આંચકો અનુભવ્યો હતો, અને જેઓ આ સંગ્રહને પ્રગટ થયેલો જોવા ખૂબ આતુર હતા–તે સૌનો વિશેષપણે આભાર માનવાની અહીં તક લઉં છું. એ સૌના આગ્રહ ને પ્રોત્સાહન વિના આ પ્રકાશન આટલું તાકીદે ન બની શકયું હોત.

આ સાથે આ સંગ્રહને પ્રકાશન યોગ્ય ગણી, એને સંમતિ આપનાર નિર્ણાયક સમિતિનો, માનદ્ મંત્રીશ્રીઓનો અને સમયે સમયે

યોગ્ય માર્ગદર્શન આપી મને સરળતા કરી આપનાર પ્રકાશન અધિકારી શ્રી જયન્ત પરમારનો નિખાલસભાવે અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

પણ આ સંગ્રહને જે બે કિંમતી લાભો મળ્યા છે તેનો ઉલ્લેખ અહીં અહોભાવપૂર્વક અવશ્ય કરવો રહ્યો. આ સંગ્રહને ઉપોદ્‌ઘાતથી અલંકૃત કરવાની મારી વિનંતીનો અવિલંબે સ્વીકાર કરીને આપણા આગલી હરોળના સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્માએ જે ભાવનાસભર ઉપોદ્‌ઘાત લખી આપ્યો છે તે માટે માત્ર કૃતાર્થતાની લાગણી વ્યક્ત કરીને જ વિરમું છું. અને આ સંગ્રહનું મારું નમ્ર અર્પણ સ્વીકારીને પ. પૂ. શ્રી વિષ્ણુભાઈ ત્રિવેદીએ મને એમનો સદાનો ઋણી બનાવ્યો છે. એમને હૃદયની વન્દના સિવાય બીજું શું અર્પી શકું?

અંતમાં, આ સંગ્રહને, ગૂજરાત અને ગૂજરાતના બાળકો, સહૃદયીભાવે સત્કારશે એવી શ્રદ્ધા સાથે આ કથન પૂરું કરું છું.

મકરસંક્રાંતિ – સં. ૨૦૩૯
સ્વાધ્યાયનિકેતન,
તાકફળિયા, ગણદેવી

અમૃતલાલ છ. પારેખ

□

# અનુક્રમણિકા


૧ આવ, ચાંદા! આવ! ૧૭
૨ ચાંદામામાને ૧૮
૩ સંધ્યા ૧૯
૪ સાંજના તારાને ૨૦
૫ ઊજળિયો તારો ૨૧
૬ સપનાં ૨૨
૭ ઝાકળની શોભા ૨૩
૮ કળીઓનું ગીત ૨૪
૯ પાંખડીને ૨૫
૧૦ દિલ ને ફૂલ ૨૬
૧૧ તલાવડીને તીર ૨૭
૧૨ લહરિયો રૂમઝૂમતી ૨૮
૧૩ નાવડીનું ગીત ૨૯
૧૪ કહેને ઓ વાદળી! ૩૦
૧૫ વર્ષા આવી, શુંશું લાવી? ૩૧
૧૬ મેઘલ આવતો ૩૨
૧૭ લજામણી ૩૩
૧૮ ઝરણીનુ ગાન ૩૪
૧૯ ગયાં'તાં ૩૫
૨૦ ઓળખી લ્યોને, ભઈ! ૩૬
૨૧ આભદેવ ૩૭
૨૨ રચીએ રૂડો બાગ! ૩૮
૨૩ ચતુર કીડી ૩૯
૨૪ કાગારાણા રડ્યા! ૪૦
૨૫ સાત ઉંદરડા ૪૧
૨૬ સૂડલાને ૪૩
૨૭ બાલપંખી ૪૪
૨૮ બાલુડો ૪૬
૨૯ બાલુડો ફહાન ૪૭
૩૦ સૌથી સારું કોણ? ૪૮
૩૧ અમારો ફોટો ૪૯
૩૨ દાદાજીનો દાદો ૫૦
૩૩ બનું હું વીર બંકો! ૫૧
૩૪ દાદાજીની વાતો ૫૨
૩૫ નંદલાલ નાચે છે! ૫૩
૩૬ નટુની ગમ્મત ૫૪
૩૭ મટુભાઈ-ગટુભાઈ ૫૫
૩૮ બા! તારી વાતો ખોટી ખોટી ૫૬
૩૯ બાનો બોધ ૫૭
૪૦ બાલુડાં તો આનું નામ! ૫૯
૪૧ રઢ ૬૧
૪૨ એક છોડીની વાત ૬૨
૪૩ એ છોડી ૬૩
૪૪ કેમ, ખરુંને? ૬૪
૪૫ અજબ-ગજબ ૬૫
૪૬ એમ કેમ થાય? ૬૬
૪૭ કનકવા ચગાવિયે! ૬૭
૪૮ કાવડ ૬૯
૪૯ પડછાયો ૭૦
૫૦ નહીં, નહીં ને નહં! ૭૨
૫૧ ચાડિયો ૭૩
૫૨ આવી છે વસંત! ૭૪
૫૩ વસંતને પગલે ૭૫
૫૪ શિખામણની સજા! ૭૬
૫૫ અભિલાષ ૭૯
૫૬ જો - ૮૦
૫૭ મને તારો દીવડો કરજે ૮૨
૫૮ બાલુડો ગૂજરાતનો ૮૩

અમૃતલાલ છ. પારેખકૃત

# ઝગમગિયાં

## આવ, ચાંદા! આવ!

ઊંચા ઊંચા આભમાંથી,
તારાઓના બાગમાંથી,
આવ, ચાંદા! આવ!

લે તુજને આપું આ પોળી,
તાજાં ઘીમાં ખૂબ ઝબોળી;
આવ, ચાંદા! આવ!

સાંભળજે તું ખાતો–ખાતો,
મારી બાની મીઠી વાતો;
આવ, ચાંદા! આવ!

હેં, ચાંદા! તારે ત્યાં એવી
છે કે બા, મારી બા જેવી?
આવ, ચાંદા! આવ!

જો તું થોડા તારા લાવે,
તો તો રમશું કૂકરીદાવે;
આવ, ચાંદા! આવ!

ને પછી તારી ચાંદરણીમાં,
કૂદડી ફરીશું સંગ, રંગમાં!
આવ, ચાંદા! આવ!

ઝગમગિયાં * ૧૭.

## ચાંદામામાને–

ચાંદામામા ચતુર તમને વાત પૂછું કંઈ છાની;
ઉત્તર નહીં આપો તો તમને આણ દઉં છું 'બા'ની!

કોણ તમારા ઘરમાં બેસી
ચરખો ઝૂમઝૂમ કાંતે?

ચંચળ સસલું કેમ તમારી
ગોદે રહે નિરાંતે?

જગત બધું અજવાળે ને કાં તમ ઘરમાં અંધારું?
મામી અમારાં છે કજિયાળાં? કે મખ્ખીચૂસ વારુ?

રોજરોજના રૂપ-રંગ ને
ઘાટ-ઠાઠ સૌ જૂજવા;

બહુરૂપીનો વેશ બરાબર
શીખ્યા ક્યાંથી ભજવા?

પાંખોવાળી પરીઓ તમને રોજ હશે ત્યાં મળતી;
મામા! સાચ્ચું કહેજો, વાતો કદી અમારી કરતી?

નીંદરમાં જે સુંદર સમણાં
ચમકે ઝીણાં-ઝીણાં,

કહો, બધાં એ ક્યાંથી આવે?
દિવસ બધો ક્યાં રહેતાં?

પૂછ્યા તમને સવાલ વહાલે, ઉત્તર આપો મીઠા,
આપો તો તો દોસ્ત બનીશું, નહીં તો કરશું કિટ્ટા!

## સંધ્યા

આથમણી બારીઓ ઊઘાડી આભની
સંધ્યા સૂરજને બોલાવતી;

વીરાને કાજ બહેની વાદળિયા ચોકમાં
સોનેરી ચાદરો બિછાવતી!

ધીમા સૂરજદેવ! ધીમા ઊતરજો,
ધીરાં ધીરાં તે ડગ ભરજો!

ઊંચેરી ડુંગરોની હારો વટાવીને
સાગરને પાળ ઘડી ઠરજો!

વીરાનાં આંગણે લેતી ઓવારણાં
બહેનીનાં મુખડાં મલકે!

ઊંચી અટારીએ ઊભો ત્યાં તારલો,
આનંદે આંખડી પલકે!

વીરાને આંગળીએ વળગાડી બહેનડી
ઊતરતી ચોકમાં હેઠી;

સૂની ધરતી ને સૂના મેલ્યાં આકાશને,
આથમણા મહેલમાં પેઠી!

## સાંજના તારાને –

સંધ્યાની કેસરક્યારીમાં એકલ ખીલનારા,
મુગ્ધ મનોહર નયનોવાળા સાંજ તણા તારા !

ક્યાં છે તારા દોસ્ત–બિરાદર સંગે રમનારા ?
કે શું રમવા એકલ તુજને કોડ થયા, પ્યારા ?

સૂરજદાદા ગયા વિસામે છોડી નભ આરા,
રાત હજી ના ઘરથી નીકળી, દૂર દૂર અંધારાં.

ત્યાં તું આવી, નમણી આંખે, કરતો ચમકારા,
હૈયું લે છે હરી અમારું, સાંજ તણા તારા !

સોહે કેવો આભઝરૂખે, રૂપ અજબ ન્યારા,
રાજકુંવર શો શોભે ગરવો કેવો તું, પ્યારા !

અગાધ જળમાં હંસ સમોવડ નિર્ભય તરનારા,
ઓ રઢિયાળા, ઉર–ઉજમાળા, સાંજ તણા તારા !

આવ અહીં અમ ભેળો રમવા ઓ નભ વસનારા,
આવ ઊતર અમ આંગણિયે,ઓ સાંજ તણા તારા !

નહીં તો તારા કર લંબાવી, કર પકડી મારા,
તેડ મને તુજ સંગે રમવા. આંગણિયે તારા.

મને ગમે બહુ મુખડું તારું હસહસતું પ્યારા,
કહે ભૈયા ! હું તને ગમું કે ? સાંજ તણા તારા !

## ઊજળિયો તારો !

આભ મહીં મેં દીઠો આજ, નિર્મળ મનવાળો,
શિયાળાની નમતી રાતે, ઊજળિયો તારો !

લાખ્ખો તારા હતા ગગનમાં, પણ સૌમાં ન્યારો,
તેજસ્વી ને અતિ રૂપાળો, ઊજળિયો તારો !

જાણે કોઈ બાળક બંકો અણનમ ઉરવાળો,
અંધારાને હસતો ઊભો, ઊજળિયો તારો !

જાણે પૂનમનો ચાંદલિયો બટુક બની નાનો,
ઉષાને મળવાને આવ્યો; ઊજળિયો તારો !

કે રજનીએ ઘર પરવરતાં, અનુપમ રૂપવાળો,
તેજમણિ હૈયે લટકાવ્યો ? ઊજળિયો તારો !

સુંદર, નાજુક, સ્નેહભરેલો, શાંતિ દેનારો,
આભ મહીં મેં દીઠો આજે ઊજળિયો તારો !

# સપનાં

મધુરાં મધુરાં લાગે,
સપનાં મધુરાં મધુરાં લાગે!

રાત પડે ને તગે તારલા, ધરતી પોઢણ માગે;
પાંપણ પડદા ઢળે જરી ત્યાં નાચે નયનાં આગે! – સપનાં૦

હરણાં જેવાં કરે કૂદાકૂદ, જ્યમ પંખી ફૂલબાગે;
ઝરણાં જેવાં ઝમઝમ ઝરતાં ગાય રૂપાળે, રાગે! – સપનાં૦

પાંખો એની પરીઓ જેવી, મહેકે અંગ પરાગે;
મીઠડું મીઠડું હસે ભોળિયાં, ઉમંગ ઉરમાં જાગે! – સપનાં૦

કદી રમાડે, કદી હસાવે, કદી ઉરાડે આઘે;
કદી હિલોળે સાગરખોળે, કદી ગગનમાં ટાંગે! – સપનાં૦

કોણ દેશનાં હશે નિવાસી? નહીં અજાણ્યાં લાગે;
રોજ રોજ રીઝવે મન મારું, તોય કશું ના માગે! – સપનાં૦

દિવસ બધો હું રહું ઝંખતો, પળ પળ ભણકા વાગે;
રાત આખી મુજ સંગ રમીને પરોઢમાં સૌ ભાગે! – સપનાં૦

# ઝાકળની શોભા

મનહર મોતીડાં વેરાયાં!
મનહર મોતીડાં વેરાયાં!

તરણે-તરણે, પાને-પાને,
કોતર, ખેતર ને મેદાને,
જ્યાં જોઉં ત્યાં સઘળે સુંદર
છેક સુધી જ છવાયાં!
મનહર મોતીડાં વેરાયાં!

પરોઢથીયે પહેલાં આવી,
કોણે ધરતી આમ સજાવી!
જોઈ જોઈ મન મોહી રહે, ને
નહીં ઉર-આંખ ધરાયાં!
મનહર મોતીડાં વેરાયાં!

પૂરવમાં રવિરાજા ઝળક્યા,
બિંદુ બિંદુનાં મુખડાં મલક્યાં;
રૂપરંગનાં સરવર જેવાં
શાં ઝાકળ પથરાયાં!
મનહર મોતીડાં વેરાયાં!

## કળીઓનું ગીત

વણખીલી પાંખડીઓવાળી,
અમે કળીઓ રૂપાળી !

લીલુડા બાગમાં ઝૂલે છે વેલીઓ,
વેલીઓમાં ઝૂલવાવાળી;
અમે કળીઓ રૂપાળી !

ઉષા આવે ને રૂડા રંગમાં રમાડે,
ખીલવે પાંખડીઓ અમારી;
અમે કળીઓ રૂપાળી !

વાયુ હિલોળે અંગ હેતના તરંગમાં,
ઉરને ઉમંગમાં ઉછાળી;
અમે કળીઓ રૂપાળી !

અમને ગમે ન પેલી ભૂંડી મધમાખીઓ,
લાગી પતંગિયાં શું તાળી;
અમે કળીઓ રૂપાળી !

નાની શી જિંદગીમાં નવું નવું માણીએ,
અમને ચૂંટે ન કદી માળી :
અમે કળીઓ રૂપાળી !

# પાંખડીને–

પાંખડી! તારે હૈયે મારા ફૂલની પરિમલ પોઢી જો!
પાંખડી! તેં તો રંગભરી શી નમણી ચૂંદડી ઓઢી જો!
પાંખડી! તારું મધુરું મુખડું ચુંબ્યું હશે મધમાખે જો!
પાંખડી! તુજને પીધી હશે ખૂબ પતંગિયાંની આંખે જો!
પાંખડી! તું તો પવનહિંડોળે હશે પ્રેમથી નાચી જો!
પાંખડી! તારી શીળી છાંયે વસંત હશે બહુ રાચી જો!
પાંખડી! નાજુક ફૂલરાણીની આંખ તણી તું કીકી જો!
પાંખડી! તું તો વનપરી કેરી અમૂલ કલાઓ શીખી જો!
પાંખડી! મારા ઉપવનની તું અલબેલી છે શોભા જો!
પાંખડી! તારાં અમૃત પી નવ કોનાં હૈયાં લોભ્યાં જો!
પાંખડી! તારે દૂધમલ દિલડે શાં શાં સમણાં ઊગે જો!
પાંખડી! તારી સુંદરતાને જગમાં કોઈ ન પૂગે જો!
પાંખડી! તારી સાથે રમવા કોડ મને બહુ ઊંડા જો!
પાંખડી! તારી સંગે વસતાં થઈશ હું યે રૂડા જો!

# દિલ ને ફૂલ

દિલડે રમે છે મારે ફૂલ,
દિલ મારું ફૂલડે રમે છે!

ભોળી ભોળી આંખડી ને ગોરી ગોરી પાંખડી,
ફૂંળાં ફૂંળાં હીંચે એના અંગ :
દિલ મારું ફૂલડે રમે છે!

આંખો બને છે એને જોઈ મધમાખો,
હૈયું બને છે પતંગ :
દિલ મારું ફૂલડે રમે છે!

કેવું દીપે છે મારી નાની હથેલીમાં?
માળે બેઠું કો વિહંગ :
દિલ મારું ફૂલડે રમે છે!

રૂપાળા અંગમાં છે રંગભર્યાં છાંટણાં,
મીઠી મીઠી પાતું સુગંધ :
દિલ મારું ફૂલડે રમે છે!

ચાંપું, ચુંબું ને વળી વહાલથી ઉછાળું,
પંપાળું જેમ કો કુરંગ :
દિલ મારું ફૂલડે રમે છે!

અળગું ન થાય ઘડી હૈયા ને હાથથી,
છોડવો ગમે ન એનો સંગ :
દિલ મારું ફૂલડે રમે છે!

# તલાવડીને તીર

હાં જી, અમે રમીએ તલાવડીને તીર !
એનાં અમૃત શાં નિર્મળ નીર રે;
હાં જી, અમે રમીએ તલાવડીને તીર !

હાં જી, અમે ભમીએ તલાવડીને તીર !
એને તીરે ઊભાં તરુવીર રે;
હાં જી, અમે ભમીએ તલાવડીને તીર !

હાં જી, અમે હીંચીએ તલાવડીને તીર !
કેવાં હીંચે આ કમળો સુધીર રે;
હાં જી, અમે હીંચીએ તલાવડીને તીર !

હાં જી, અમે નાચીએ તલાવડીને તીર !
જોઈ ખેલતાં માછલાં અધીર રે;
હાં જી, અમે નાચીએ તલાવડીને તીર !

હાં જી, અમે નાહીએ તલાવડીને તીર !
ખીલે હૈયાં ને દેહનાં હીર રે;
હાં જી, અમે નાહીએ તલાવડીને તીર !

હાં જી, અમે ગાઈએ તલાવડીને તીર !
સૂણી ગાન અમ થાય સૌ થીર રે;
હાં જી, અમે ગાઈએ તલાવડીને તીર !

# લહરિયો રૂમઝૂમતી

એ તો દૂર દૂરથી નાચતી આવે,
શી લાડતી આવે, કે લહરિયો રૂમઝૂમતી!

કેવી જોતામાં દિલ લલચાવે,
ને આંખડી હસાવે, કે લહરિયો રૂમઝૂમતી!

તારી ફરફરતી ચૂંદડી જેવી,
જણાય મને એવી, કે લહરિયો રૂમઝૂમતી!

કેવી પાળને એ લાડ જો કરતી,
ને બચીઓ ભરતી, કે લહરિયો રૂમઝૂમતી!

કેવી જળમાં એ હારબંધ દોડે,
ચડી ન હોય હોડે! કે લહરિયો રૂમઝૂમતી!

દિસે હૈયાં ભરેલ એનાં કોડે,
સરંતી જોડજોડે, કે લહરિયો રૂમઝૂમતી!

એ તો રંગભર્યાં ઓઢણાં ઓઢે,
શું સાંજ કે પરોઢે, કે લહરિયો રૂમઝૂમતી!

એની શોભા સરખાવું કોની જોડે?
એ શોભતી અજોડે, કે લહરિયો રૂમઝૂમતી!

મારે હૈયેયે રોજરોજ એવી,
હો બહેન! ફૂલ જેવી, કે લહરિયો રૂમઝૂમતી!

એની ગૂંથીને માળ તને દેવી,
તે શોભશે કેવી! કે લહરિયો રૂમઝૂમતી!

## નાવડીનું ગીત

મને સાગરની શેરીઓમાં રમવાના કોડ,
મને બાંધી રાખો ન કોઈ ખૂંટે,
હો મને બાંધી રાખો ન આમ ખૂંટે!
એનાં ધીંગા મોજાં શું મારે મારવી છે હોડ,
મને જાવા દિયો પગ છૂટે,
હો મને બાંધી રાખો ન આમ ખૂંટે!

ભરવી છે ફાળ મારે નાચતા તરંગમાં,
ઝીલવી છે છોળ મારે નવલા ઉમંગમાં;
જેવી હરિયાળા જંગલમાં હરણાંની દોડ – મને બાંધી૦ હો મને૦

ઊતરે છો આભથી વા ને વંટોળિયા,
આવે પાતાળથી છો વમળો ઘુમરાળિયા;
મને ભયથી ભડકવાની દિલડે ન ખોડ – મને બાંધી૦ હો મને૦

દૂર–દૂરના તીર મને પાડે છે સાદ હો,
થાય છે અધીર મારા થનગનતા પાદ હો;
મને તેડે છે ભરતી ને ઓટના હિલોળ – મને બાંધી૦ હો મને૦

ઝગમગતી ઝીણું ઝીણું ધ્રુવ તણી દીવડી,
ચારે દિશાઓ મારે છેટી ન – ઢૂંકડી;
મારે સરખી છે રાત ને સરખાં પરોઢ – મને બાંધી૦ હો મને૦

# ક્‌હેને ઓ વાદળી!

ક્‌હેને તું ક્યાં થકી આવી?
ઓ વાદળી! ક્‌હેને તું ક્યાં થકી આવી?
શી શી નવાઈ બ્હેન, લાવી?
ઓ વાદળી! ક્‌હેને તું ક્યાં થકી આવી?

પાંખો જણાય ના,
પાયો જણાય ના,
ફરવામાં કેમ તું ફાવી? — ઓ વાદળી૦

ઊંચા આકાશમાં,
તારા નિવાસ ક્યાં?
દે ના મને તું બતાવી? — ઓ વાદળી૦

સોનેરી સાળુઓ,
રૂપેરી ઓઢણાં,
કોણ તને દેતું એ સજાવી? — ઓ વાદળી૦

વીજના ઝબૂકલાં,
ને મેઘબાણ રંગીલાં,
રાખ્યાં ક્યાં ઉરમાં છુપાવી? — ઓ વાદળી૦

રૂમઝૂમતી આવજે,
નેવલાં નીતારજે,
દેજે અમ હોડલાં તરાવી! — ઓ વાદળી૦

# વર્ષા આવી, શું શું લાવી?

વર્ષા આવી શું શું લાવી આ દુનિયાને ઘેર?
મેહુલિયાની મહેર લાવી, લાવી લીલા લહેર!
લટકાં કરતી લાવી લાંબી વાદળીઓની હાર,
ચમચમ કરતી, ઠમઠમ કરતી, વીજળીના ચમકાર!
લખલખ ધારે ઝરતી લાવી હેલી અપરંપાર,
શ્રાવણના સરવરિયાં લાવી, ઊજળા કે અંધાર!
ઝરણાં કાજે ઝાંઝર લાવી ઝરતાં ઝીણાં ગાન,
સુંદર સરિતા કાજે લાવી પૂર તણાં ઘમસાણ!
ભમરા કાજે ફૂલડાં લાવી, ફૂલડાં કાજે ફોર,
ચરણાં લાવી, તરણાં લાવી, રીઝયાં પંખી-ઢોર!
અડગ ટેકીલા ચાતક કાજે લાવી સુખની સેર,
મોરલિયાને કાજે લાવી કૂદરડીના ફેર!
ઝાડો કાજે, પહાડો કાજે, લાવી મોંઘા હીર,
ધરતીમૈયા કાજે લાવી, લીલાં સુંદર ચીર!
મેડકનો તો મહિમા લાવી, કેસરીના પડછંદ,
આભ ભરી ઊછળતો લાવી અમૃતનો આનંદ!
વૃદ્ધો કાજે વહાલ લાવી, જોબન કાજે સાન,
બાલુડાંને કાજે લાવી, રંગીન સુંદર બાણ!
તહેવારોની હાર લાવી, જગના લાવી પ્રાણ;
દેવ તણાં વરદાન જ લાવી, લાવી ઢગલે ધાન!
વર્ષા આવી, બહુ બહુ લાવી, આ દુનિયાને ઘેર,
મેઘલજીની મહેર લાવી, લાવી લીલા લહેર!

# મેઘલ આવતો

ઢમ્ ઢમ્ ઢોલ વગાડતો,
વાદળીઓમાં નાચતો,
વીજળીઓ ચમકાવતો,
જો ! જો ! મેઘલ આવતો !

અમીધારા વરસાવતો,
ધરતીને નવરાવતો,
સૂતાં ધાન્ય જગાડતો,
જો ! જો ! મેઘલ આવતો !

સરિતાને છલકાવતો,
ઝરણાંને મલકાવતો,
રેલમ છેલ વહાવતો,
જો ! જો ! મેઘલ આવતો !

બાણ મનોહર તાણતો,
અદ્‌ભુત રંગ જમાવતો,
હૈયાંને હરખાવતો,
જો ! જો ! મેઘલ આવતો !

આવતો રે આવતો,
કેવો સૌને ભાવતો;
આંગણ આભ ઉતારતો,
જો ! જો ! મેઘલ આવતો !
વહાલો મેઘલ આવતો !

# લજામણી

એ તો લજામણીની વેલી!
એ તો લજામણીની વેલી!
અંગુલિએ સહેજ અડંતાં
અંગો લે સંકેલી!
એ તો લજામણીની વેલી!

એનાં લીલાં લીલાં પાન,
એનાં ઝીણાં ઝીણાં પાન,
લીલાં ઝીણાં પાન બીડી દે
કેવાં પળમાં ઘેલી!
એ તો લજામણીની વેલી!

મારા બાગ વિષે ઊગેલી,
બીજી પણ છે બહુ જ વેલી,
સુંદર પુષ્પે ભરીભરી, પણ
આ તો છે અલબેલી!
એ લજામણીની વેલી!

એ તો તારા સરખી બ્હેની!
નમણી નેહ ભરેલ મઝેની!
અમથી અમથી શરમાતી ને
એકાંતે રહે ખીલી!
એવી લજામણીની વેલી!
એ તો લજામણીની વેલી!

# ઝરણીનું ગાન

વાંકીચૂકી વેલ સરિખી ડુંગરઘરની નિસરણી,
ઠમક ઠમક ઠમકંતી ઊતરું ફૂલપગલીએ હું ઝરણી!

ધરણી-ખોળે દડબડ દોડું, અહીં તહીં મહાલું મલકંતી,
પાયે મારે પાયલ-ઘૂઘરી, ઝણુક ઝણુક શી ઝણુકંતી!

હૈયું મારું છલકે કેવું! થનગન થનગન નાચ કરે!
રૂપવરણી કાયા પર મારી દૂધમલિયા શા ફૂલ તરે!

પગલે પગલે નડતા પથ્થર, કો નાના કો મોટા,
છલંગભર ઠેકું ને વેરું હાસ્ય તણા પરપોટા!

ચંચળ મારી ચાલ નિહાળી આવે હરણાં દોડી,
પંખીનો તો પાર જ નહિ–હું કેવી બહાદુર છોડી!

દહાડે સૂરજદાદા સાથે ખેલ કરું હું ન્યારા;
સંગે રમવા, કૂદડી ફરવા, આવે રાતે તારા!

ચાંદલિયો તો માંદો-સાજો, કોઈ દી આવે ના'વે,
ભાવભર્યાં મારાં લોચન–હું ભોળું સૌને ભાવે!

જંગલમાં મંગલ કરતી હું નિર્ભય પગલાં પાડું;
અંતરના આનંદ ઉલટથી ચોગમ રે ઊછાળું!

બહેનપણી કો મારગ મળતી કોમળ મુજ સમાણી,
ઉમળકે ભેટું જઈ ભાવે, વેરું મંજુલ વાણી!

પંથ અજાણ્યા મારે તોયે ના ડરતી, ના ડરતી;
નાજુક સુંદર વનબાલા હું મનમોજે પરવરતી!

# ગયાં'તાં

વ્હાણે ગયાં'તાં અમે ઝરણાંને કાંઠડે,
ઝીણી ઝીણી ઝાંઝરી સૂણી હો !

સાંજે ગયાં'તાં અમે સાગરને કાંઠડે,
ખણખણતી ખંજરી સૂણી હો !

વ્હાણે ગયાં'તાં અમે આંબાને છાંયડે,
ભરચક મંજરી ઝૂકી હો !

સાંજે ગયાં'તાં અમે ચંપાને છાંયડે,
ફૂલભરી ડાળીઓ ઝૂકી હો !

વ્હાણે ગયાં'તાં અમે ઉગમણે ખેલવા,
નીતરતી રંગરેલ દીઠી હો !

સાંજે ગયાં'તાં અમે આથમણે મહાલવા,
કરમાતી રંગવેલ દીઠી હો !

વ્હાણે ગયાં'તાં અમે ગાવડી ચરાવવા,
પાદરમાં પ્રેમધૂન લાગી હો !

સાંજે ગયાં'તાં અમે કાનુડો વળાવવા,
મારગડે બંસીધૂન લાગી હો !

# ઓળખી લ્યોને, ભઈ!

હું તો ઊજળું અંબર ઓઢી,
આવું ભાલે ચંદર ચોડી;
મુજને ઓળખો છો કે નહીં?

હું તો મીઠાં અમૃત ઢોળું,
તેમાં ધરતી–આભ ઝબોળું;
મુજને ઓળખો છો કે નહીં?

મુજને જોઈ ડોલે ઝાડો,
ઊલટે દરિયો થઈને ગાંડો;
કહોને, ઓળખો છો કે નહીં?

નાચે જોઈ ચકોરી નાની,
ખીલે કૂંપળીઓ શી છાની;
કહોને, ઓળખો છો કે નહીં?

હું તો સર્વ જગતને ગમતી,
આખી રાત રહું છું રમતી;
હજીયે ઓળખો છો કે નહીં?

હું છું ચાંદલિયાની રાણી,
તમને કેમ જ હોઉં અજાણી?
હજીયે ઓળખો છો કે નહીં?

મારા ઝરતા અમીમાં તરવા,
કેવા તલપો છો થનગનવા?
હવે ના ઓળખો તો જ નવાઈ!

પગલી પંદરમી ચાંદાની,
મારી છેલ્લી એ જ નિશાની;
હવે તો ઓળખી લ્યોને, ભઈ!

# આભદેવ

તમે પહેરો છો તારલાની માળા, હો આભદેવ!
જોઈ જોઈ નયણાં રીઝે રે લોલ!
મહીં ગૂંથ્યા રવિ–ચંદ્ર બે રૂપાળા, હો આભદેવ!
જોઈ જોઈ મનડાં મોહે રે લોલ!
વાદળનાં ચીર તમે પહેરો કદી કદી,
વાદળીની કોર મહીં ગૂંથો કદી કદી;
નહીં તો રહો સર્વદા ઉઘાડા, હો આભદેવ!
જોઈ જોઈ દિલડાં ડોલે રે લોલ!
ધીંગા પ્રચંડ ધૂમકેતુઓ નચાવતા,
ખોળે ખેલાવી બાલધ્રુવને રમાડતા;
તમે એવા અનંત બળવાળા, હો આભદેવ!
જોઈ જોઈ ચિતડાં લોભે રે લોલ!
ઉષા–સંધ્યાની તમે બાંધી છે બેલડી,
તેજ ને અંધારની ઘુમાવો નિત્ય ઘોડલી,
તોય ઉરના અખંડ ઉજમાળા, હો આભદેવ!
જોઈ જોઈ પ્રાણ ચડે ઝોલે રે લોલ!
એવાં ઊંડાણ જેનું તળિયું જણાય ના
એવા પોલાણ જેનો પાર કૈં પમાય ના;
તમે વિશ્વથીય છો બહુ વિશાળા, હો આભદેવ!
રમવાના કોડ થાય ખોળે રે લોલ!

# રચીએ રૂડો બાગ

ચાલો રચીએ રૂડો બાગ,
આપણે સર્વ મળી સંગાથ.
'પ્રવીણ' બનશે પતંગિયું, ને
'મગન' થશે મધમાખ;
'ફરશુરામ' ફૂલછોડ થશે, ને
'અંબુ' આંબા-શાખ. ચાલો૦
'ઝવેર' થાશે ઝરણું ઝીણું,
હરણું થાશે 'હંસલ';
'કમળા' થાશે કોયલ મધુરી,
ચકલી થાશે 'ચંચળ'. ચાલો૦
'મનહર' બનશે મોર મઝાનો,
'ધીરજ' બનશે ઢેલ;
'પિરોજ' બનશે પોપટપંખી,
બનશે 'વૃંદા' વેલ. ચાલો૦
'મનમોહન'ને માળી કરશું,
'રહીમ' થશે રખવાળ;
બીજાં બધાં ઊભાં રહી ફરતાં
રચશે મજબૂત વાડ. ચાલો૦
પણ શું નામ દઈશું એને?
સૌને વહાલું શું જ?
એક સામટાં લલકારો સૌ:
"જય જય ભારત કુંજ!" ચાલો૦

# ચતુર કીડી

સડ સડ સીડી,
સીડી ઉપર કીડી.

કીડીના તો ટૂંકા પગ,
ખૂણે બેઠા થઈ ને ઠગ;
બેઠી બેઠી ઝોકાં ખાય,
સીડી પર ભઈ, કેમ ચઢાય?

એવે આવ્યાં બિલ્લીબાઈ!
વિચારતાં, ક્યાં કરું ચડાઈ?
બિલ્લી બેઠાં કીડી પાસ,
કીડી વળગી જોઈ ને લાગ;
વળગી ડીલે માર્યો ચટકો,
જુઓ પછી બિલ્લીનો લટકો!

ફાળ લઈ ને કૂદી ફદ,
પહોંચી ગઈ મેડીએ ઝટ!
ઝટપટ ઊતરી રસ્તે પડયાં,
કીડીબાઈનાં કારજ સર્યાં!

# કાગારાણા રડ્યા !

માળે બેઠો કાગડો,
તાણે મોટો રાગડો !
કાગારાણા ! શું રે થયું ?
બચ્ચું મારું નાસી ગયું !
નાસી ગયું તો જાવા દો,
થોડા દી અથડાવા દો.
'પાંખો એની નાજુક નાની'
કાગા આંખે ભરતા પાણી !
'રાણાજી, શું વાંધો પડ્યો ?
શાથી એ રિસાયું, કહો ?'
'કાકા'નો કક્કો ના છૂટે,
'ફૂ ફૂ' કહીને માથું કૂટે;
ખીજાઈને મારી મેં ચાંચ,
ગણી ગયું પોબારા પાંચ !
'હવે તમે શા માટે રડો ?
ભલા થઈને ઠંડા પડો;
ભોળા થઈને ભલા થયા,
પારકાને પોતાના ગણ્યા !
હવે મૂકો એ જૂઠી આશ,
પારકી આશ સદા નિરાશ !'

# સાત ઉંદરડા

એક દિવસ ઉંદરડા સાત,
કરવા બેઠા છાની વાત;
વાતે વાતે વઢી પડ્યા,
માંહોમાંહે લઢી પડ્યા!

સાત જણમાં મોટું કોણ?
એમાંથી જાગ્યું ઘમસાણ;
આખર થઈને શાંત લગાર,
હળવો કરતા દિલનો ભાર.

'રવિઓ' બોલ્યો તાકી તીર,
મારે માથે સૂરજવીર;
સાત મહીં હું શ્રેષ્ઠ ગણાઉં,
એમાં શંકા હોય જ શું?

'સોમાભાઈ'ના શીતળ વેણ,
અમૃત-ભરીઆં મારા નેણ;
માનો ના મુજને જો શ્રેષ્ઠ,
તો દુનિયા શેં ભરશે પેટ?

'મંગળીઆ'ની મીઠી બોલી,
શાને વ્યર્થ જગાવો હોળી?
મંગળથી મંગળ સૌ થાય,
એ જ નથી શું મારી વડાઈ?

'બુધીઆભાઈ'ની ન્યારી બુધ,
સૌમાં નવલી મારી સૂધ;
બુદ્ધિએ બાંધ્યો સંસાર,
ગર્વ મૂકો મોટપનો યાર!

'ગુરુદાસ'ની ઘેલી મતિ,
મારે શિર છે બૃહસ્પતિ;
ગુરુનો અર્થ જ મોટો થાય,
પછી રહ્યો કરવો શો ન્યાય?

'શુક્કરિયો' તો નમણે અંગ,
તેજસ્વી હું નભનું નંગ;
લડવામાં શું શુક્કર વળે?
મારો મહિમા સૌ કો કળે!

'છનીઓ' બોલ્યો છંછેડાઈ,
વાંકી મુજ પનોતી ભાઈ!
હાર્યા વિક્રમ સરખા વીર,
કોણ ટકે, જ્યાં છોડું તીર?

તોપણ દઉં છું છોડી દાવો,
મોટપમાં છૂટયો શું લ્હાવો?
મનના મોટા તે છે મોટા,
મોટા માને તે છે છોટા!

છનીઆની સૂણીને વાત,
રીઝયા સઘળા સાતે સાત;
બોલ્યા અમથા લઢિયા ભ્રાત!
જૂઠી મોટપની પંચાત!

એમ વદી સૌ છૂટા થયા,
ફૂદડી ફરવા મંડી પડયા!
વાત સૂણી મન થયું મગંન,
હૈયું નાચી ઊઠયું થનથંન!

# સૂડલાને

ઓ સૂડલા! તારી બોલી પિયારી મને લાગે!
જાણે વેણુ આનંદની વાગે!– ઓ સૂડલા૦

તું તો બેઠો છે લીમડાની ડાળે,
ડાળ ડોલે છે વાયુને ઉછાળે;
તારા ટહુકા ઊડે છે મારા બાગે!– ઓ સૂડલા૦

આંખ ઝીણી ને લીલુડી પાંખ છે,
કંઠ કાળો, રતુમડી ચાંચ છે;
રૂપે રૂડો, અલબેલડો રાગે!– ઓ સૂડલા૦

તારા ટહુકામાં હેતના ઉલ્લાસ છે,
મારી ચોરી લીધી તેં મીઠાશ છે;
મારા બાલુડા કોડ કૈંક જાગે!– ઓ સૂડલા૦

તને પિંજરમાં ભાઈ! હું પૂરીશ ના,
તારા વનના વિહાર હું હરીશ ના;
રોજ આવી ગાજે તું મારા બાગે!– ઓ સૂડલા૦

# બાલપંખી

હૈયે મને હોંશ ઊડ્યાની રે,
હજી મારી પાંખો છે નાની રે.

માળો મૂકી જ્યારે માવડી જાતી,
આંખો મારી ત્યારે આભે જડાતી;
ઉમંગે નાચતી છાની રે;
હજી મારી પાંખો છે નાની રે.

પોઢું ત્યારે મને સોણલાં આવે,
ઊંચે ઊંચે મને પાંખો ચઢાવે;
મુસાફરી થાય મઝાની રે;
હજી મારી પાંખો છે નાની રે.

માડી કહે : 'હજી નાનો તું બેટા!
ખ્યાલ કરે કેમ હમણાંથી મોટા?
વાતો તારી લાગે દિવાની રે;
હજી તારી પાંખો છે નાની રે.'

પાંખો પૂરી ફૂટશે જ્યારે,
ઊડજે ભલે મારા લાલ! તું ત્યારે;

કરજે પૂરી હોંશ હૈયાની રે :
હજી તારી પાંખો છે નાની રે.

આજ ભલે બેસી માળે હું રાચું,
કાલે થશે મારું સોણલું સાચું;

ફળશે રૂડી આશિષ 'બા'ની રે :
હજી મારી પાંખો છે નાની રે.

ઝાડથી પહાડની પહોંચીશ ટોચે,
ઊડીશ એકલો હું ઊંચેરા આભે;

કરીશ હું સહેલ મઝાની રે;
હજી મારી પાંખો છે નાની રે.

# બાલુડો

મને હિંચકે ઝૂલતાં બહુ આવડે,
મને ખડખડ હસતાં બહુ આવડે,
મને ફૂલડે રમતાં બહુ આવડે,
મને દાદર ચઢતાં બહુ આવડે,
મને ખોળો ગમે બાનો રૂડોઃ
હું નાનકડો નટવર બાલુડો!

મને કૂદડી ફરતાં બહુ આવડે,
મને ટહુકા કરતાં બહુ આવડે,
મને સૌને ગમતાં બહુ આવડે,
મને દિલમાં ડરતાં નહીં આવડે,
મને ચૂંએ બધાંય ગણી પ્રેમપૂડો:
હું નાનુડો નટવર બાલુડો!

મને સાગર તરતાં આવડશે,
મને ડુંગર ચઢતાં આવડશે,
મને આભે ઊડતાં આવડશે,
મને તારા ગણતાં આવડશે,
ભલે હાવાં રહ્યો હું નાનકૂડો:
હું નાનુડો નટવર બાલુડો!

# રુડા ક્હાન

ક્હાનને ગોરસ વહાલાં હો!
ક્હાનને ગોરસ વહાલાં હો!

ગોરસ વહાલાં ક્હાનકુંવરને, વહાલાં માખણ મીસરી;
વહાલી ગોકુલની ગાવડીઓ, છેલછબીલી બંસી:

વહાલુડાં ગોપગોવાળાં હો!
ક્હાનને ગોરસ વહાલાં હો!

મનમોહન તો મનનો મોજી, ખેલ ગજબના કરતો;
ગેડીદડાની રમત રમતાં કાળીનાગ શું લડતો;

કરે સૌનાં રખવાળાં હો!
ક્હાનને ગોરસ વહાલાં હો!

માડીખોળે રહે મલકતો, પળમાં પૂતના રોળે;
ગોવાલણની નંદે ગોળી, ગોવર્ધન પણ તોળે!

કદંબે ખાય હિંચોળા હો!
ક્હાનને ગોરસ વહાલાં હો!

મસ્તીખોરો, મહાચતુર, નહીં કો'ને બોલ ઝલાતો,
સૌને રીઝવે, ખીજવે, પજવે, ઊખળે પણ બંધાતો!

નયન કેવાં અણિયાળાં હો!
ક્હાનને ગોરસ વહાલાં હો!

# સૌથી સારું કોણ ?

સૌથી મોઘું મૂલ કોનું ?
વીરાનું કે હીરાનું ?
વીરાનું ભાઈ ! વીરાનું !

સૌથી કોમળ હૈયું કોનું ?
બહેની કે વનહરણીનું ?
બહેનીનું ભાઈ ! બહેનીનું !

સૌથી મીઠી મહેક કોની ?
માડી કે ફૂલવાડીની ?
માડીની ભાઈ ! માડીની !

સૌથી ઊજળાં તેજ કોનાં ?
પિતાનાં કે સવિતાનાં ?
પિતાનાં ભાઈ ! પિતાનાં !

સૌથી બહોળું દિલ કોનું ?
દાદાનું કે દરિયાનું ?
દાદાનું ભાઈ ! દાદાનું !

સૌથી સુંદર મુખડું કોનું ?
ચંદાનું કે બંદાનું ?
બંદાનું ભાઈ ! બંદાનું !

## અમારો ફોટો

આજુબાજુ ઊભાં ચંપો ને કેતકી,
વચમાં ખીલ્યો છે ગલગોટો રે ભાઈ! (૨)
બા ને બાપુજીની વચમાં હું શોભતો,
એવો પડાવ્યો એક ફોટો રે ભાઈ!
— આજુબાજુ૦

જેવા આકાશમાં સૂરજ ને ચંદા,
પડતી પૂનમની સાંઝે રે ભાઈ! (૨)
વચમાં હસે છે શુક્રતારો સોહામણો,
બંદા શું ફાંકડા લાગે રે ભાઈ!
— આજુબાજુ૦

આણીમેર તેણીમેર શંકર ને પાર્વતી,
વચ્ચે છે ગણપતિદેવા રે ભાઈ! (૨)
તાકી તાકીને સૌ જોતા આનંદથી,
મનના મળેલ જાણે મેવા રે ભાઈ!
— આજુબાજુ૦

ઘરની પરસાળમાં ટાંગ્યો છે સન્મુખે,
સુંદર અમારો એ ફોટો રે ભાઈ! (૨)
આજુબાજુ જાણે કુંભો બે વહાલના,
વચમાં હું રંગનો લોટો રે ભાઈ!
— આજુબાજુ૦

# દાદાજીનો દાદો

એક દિવસ મેં દાદાજીની મૂકી માથે પાઘડી,
બંડી બાંધી તંગ બરાબર લીધી હાથે લાકડી;
બીજે હાથે ઝાલી માળા, પહેરી પગમાં પાવડી,
વાંકી કેડે ડગમગ ચાલું દાદાજીની ચાલથી!

દાદાજી કહીં બહાર ગયા'તા, બા બેઠી'તી ચોકમાં;
બાપુ મારા ગયા દુકાને, આવે છેક જ સાંજના;
ઘરમાં કોઈ ન'તું, ને બદા ઘૂમતા'તા બસ ધૂનમાં,
દાદાજીની ઢબથી સૌને લાગ્યો ત્યાં ધમકાવવા!

ખુરશી, ટેબલ, ફાનસ, જાણે હોય ખરેખર માનવી,
અમથો અમથો તેમ બધાને ધમકાવું હું ચોંપથી!
ભાન. ધ્યાન ને સાન રહી ના, ધૂન રહી એક જાગતી,
દાદાજીનો વેષ બરાબર, ભજવ્યો પૂરા ભાવથી!

હું શું જાણું જોઈ રહી છે ઊભી ખૂણે માવડી?
ચમક્યો જ્યારે તાળી પાડી બાએ હસતાં સામટી!
"આવો આવો દાદાજી, બેસોજી, લ્યો આ સાદડી!"
બા બોલી એવે ઉમળકે, ચમકી મારી આંખડી!

એવે આવ્યા દાદાજી ત્યાં, હત્તારીની, તે ઘડી!
ઉંબરમાં ઊભા ને લાગ્યા શિર હલાવા જોરથી!
"વાહ, દીકરા, વાહ!" કહીને ચાંપ્યો હૈયે વહાલથી,
ને બેસાડી ખોળે મુજને પંપાળ્યો બહુ પ્યારથી!

"દાદાજી, આ દાદો બીજો પાક્યો ઘરમાં આજથી!"
બા બોલી એવું ત્યાં ભીંજી દાદાજીની આંખડી;
"જુગ જુગ જીવો દીકરા મારા, હું અંધાની લાકડી,
દાદાનોયે દાદો તું!"—ને ગમ્મત ખૂબ પછી પડી!

## બનું હું વીર બંકો!

બસ, એવો બનું હું વીર બંકો,
સારા જગમાં વગાડું જશડંકો!

નહીં કોઈથી ડરું જ
હામ એવી તો ધરું જ,
નહીં રાખું હું દિલમાં અજંપો!
સારા જગમાં વગાડું જશડંકો! — બસ૦

ફરે સૂરજ ને ચંદ,
ફરે તારલા અનંત,
જેવો ફરતો ફરે છે પવન-પંખો!
સારા જગમાં વગાડું જશડંકો! — બસ૦

મારી નાનીનાની આંખ,
મને મળી છાની પાંખ,
ઊડું, ઊડે જેમ આભમાં પતંગો!
સારા જગમાં વગાડું જશડંકો! — બસ૦

ખીલ્યો ખીલ્યો ફૂલબાગ,
ફૂલે ફૂલે છે પરાગ,
મારે ખીલવું ત્યાં થઈને રાજચંપો!
સારા જગમાં વગાડું જશડંકો! — બસ૦

## દાદાજીની વાતો

દાદાજીની વાતો,
એવી દાદાજીની વાતો :

જાણે મેઘ મધુરું ગાતો,
એવી દાદાજીની વાતો !

દાદા મારા દેવ સરીખા,
દિલના જાણે દરિયા;
મનડાના તો એવા મીઠા,
અખંડ વહાલે ભરિયા :

વડલો વીંઝણલા શો વા'તો :
એવી દાદાજીની વાતો !

દાદાજી તો ડુંગર સરીખા,
આંખે અમૃતઝરણાં;
મુખડું જ્યાં મલકે ત્યાં રેલે,
રંગભર્યાં ચાંદરણાં;

ખોળે ફૂલડાંથી છલકાતો !
એવી દાદાજીની વાતો !

દાદાજીની વાણીમાં કંઈ
કામણ ભરિયાં ન્યારાં;
દાદાજીની વાત સૂણે તે
સદાય પ્રભુને પ્યારાં :

સૂણી સદા રહું હરખાતો !
એવી દાદાજીની વાતો !

# નંદલાલ નાચે છે!

પેલા નંદજીને આંગણે નાનકડો,
કે નંદલાલ નાચે છે!

ગોપ, ગોપી ને ગાવડીઓ વચ્ચે,
કે નંદલાલ નાચે છે!

જુઓ, કેવો બન્યો એ લાલચુડો,
કે નંદલાલ નાચે છે!

અરે લગરીક માખણિયા સારુ,
કે નંદલાલ નાચે છે!

પડે, ઊપડે આ પગલીઓ કેવી!
કે નંદલાલ નાચે છે!

ઝમકે ઝીણી ઝીણી ઝાંઝરી રૂમઝૂમ,
કે નંદલાલ નાચે છે!

નંદ વારે ને માવડી મનાવે,
કે નંદલાલ નાચે છે!

એ તો તેમ તેમ અંગને ઉછાળે,
કે નંદલાલ નાચે છે!

એવો ગોકુલનો મોરલો ઘેલો,
કે નંદલાલ નાચે છે!

સહેજ માખણ ખાવાની મોજ સારુ,
કે નંદલાલ નાચે છે!

# નટુની ગમ્મત

એ બા! જો તો ખરી!
એ બા! જો તો ખરી!
નાના નટુએ કેવી ગમ્મત કરી!
બિલ્લીની પૂંછડીએ બાંધી ઉંદરડી,
બિલ્લી બીધી ને લાગી ફરવા ફૂદરડી;
ફરતો નટુય તેની સંગે વળી!
નાના નટુએ કેવી ગમ્મત કરી! – એ બા૦
લાગ્યું થવા ત્યાં પછી 'ચૂં ચૂં' ને 'મ્યાઉં મ્યાઉં';
કાઢે ત્યાં સૂર નટુ 'તૂં તૂં' ને 'પ્યાઉં પ્યાઉં';
બિલ્લી બિચારી નહીં જંપી જરી!
નાના નટુએ કેવી ગમ્મત કરી! – એ બા૦
ભડકેલી મીંદડીએ ભાંગી બે માટલી,
કટકા થઈને પડી બરણી ને બાટલી;
બાપુની પાઘડી બેહાલ આ પડી!
નાના નટુએ કેવી ગમ્મત કરી! – એ બા૦
તાળી પાડીને તારો નટિયો તો નાચતો,
ગાંડાં ઘેલાં તે કંઈ ગીતો લલકારતો;
ચીઢવે મનેય કેવો ચાળો કરી!
નાના નટુએ કેવી ગમ્મત કરી! – એ બા૦
હાંકી મૂકી મેં પછી હોંકારે મીંદડી,
નાઠો નટુ ને કહે, કેવી મઝા પડી!
એ બા! એને તું જરા વઢ તો ખરી!
નાના નટુએ કેવી ગમ્મત કરી! – એ બા૦

## મટુભાઈ – ગટુભાઈ

'જોડ જોઈ જતાં મેં તો એક દિ' મારગડે,
જોઈ મને લાગી ખૂબ મનમાં નવાઈ;

કોકને પૂછ્યું તો કહે, જોડીઆ બે ભાઈ છે,
નામે એને ઓળખે સૌ, 'મટુભાઈ–ગટુભાઈ'.

રૂપે ને દેખાવે બેય બરાબર સરખા, ને
બરાબર સરખી છે બેયની ઊંચાઈ;

સરખા ઓળેલ કેશ, વેશ પણ સરખા, ને
સરખી જ ચાલ ચાલે 'મટુભાઈ–ગટુભાઈ'.

બોલાવી જોયા તો જરી બોલમાં જુદાઈ નહીં,
ઢબછબ સરખી, તેવી જ ચતુરાઈ;

નમન કર્યું મેં ત્યારે નમસ્કાર કીધા મને,
મીઠું મીઠું હસી પડ્યા 'મટુભાઈ–ગટુભાઈ'.

હરખાયું હૈયું આવી જોડલી મઝાની જોઈ,
પામ્યો હું નવાઈ, હુંથી ગયું રે બોલાઈ:

ધ્રુવ–પ્રહ્લાદ કે આ અશ્વિનિકુમાર હશે ?
શોભે રામ–શ્યામ જેવા, 'મટુભાઈ–ગટુભાઈ'.

# બા! તારી વાતો ખોટી ખોટી

તારી વાતો ખોટી ખોટી,
બા! તારી વાતો ખોટી ખોટી!

તું કહેતી'તી : અગાધ જળથી છલછલ ભરિયો દરિયો,
તરાય એ ના કો'થી : તોપણ બલિ બજરંગે તરિયો;
તારી ભૂલ કેવી એ મોટી!—બા! તારી૦

તું કહેતી'તી : 'પહાડો જબ્બર કદી ન જાય ઊંચકિયા';
તોપણ નાના કાનુડાએ ફૂલ સમ કરમાં ધરિયાં;
તારી યાદ દિસે બહુ છોટી!—બા! તારી૦

તું કહેતી'તી : 'ઊંચા ઊંચા આભ તણા છે ઝરૂખા';
ચઢાય ત્યાં નહીં કો'થી : તોપણ ધ્રુવ ગયા ત્યાં ગરવા.
તારી જગમાં નહીં બા! જોટી!—બા તારી૦

તું કહેતી'તી : 'નહીં બચે જે જાય આગ શું રમવા';
તોપણ બા! પ્રહ્લાદ ઉગરિયા, બચી ગયા સુધન્વા;
એવી વાત સૂણી મેં કોટિ!—બા! તારી૦

વાત ભલે તારી ખોટી! પણ નહીં લગાડીશ ખોટું,
તું જ લઈશ મને બચ્ચી બા! જ્યારે કરીશ પરાક્રમ મોટું;
મારી હોંશ બહુ બહુ મોટી!
બા! તારી વાતો ખોટી ખોટી!

# બાનો બોધ

'અંધારે રમવું ના તારે,'
રોજ મને બા ક્હેતી એમ;

હું વિચારું – તો અંધારે
તારાઓ આ રમતા કેમ?
પૂછું તો ક્હે : 'તું નાનો,
પોઢી જા છાનો માનો,'

'ઝાંખરમાં ભમવું ના તારે',
રોજ મને બા ક્હેતી એમ;

હું વિચારું, – તો ઝાંખરમાં
ફૂલડાંઓ આ ખીલતાં કેમ?
પૂછું તો કહે : 'તું નાનો,
બેસ હવે છાનો માનો.'

'ઝાડે–બા'ડે ચડતો ના રે,'
રોજ મને બા ક્હેતી એમ;

હું વિચારું,–તો ઝાડો પર
પંખી માળા બાંધે કેમ?
પૂછું તો ક્હે : 'તું નાનો,
રહે સખણો – છાનોમાનો.'

'દીવાને અડવું ના તારે,'
રોજ મને બા કહેતી એમ;
હું વિચારું, – તો દીવામાં
પતંગિયાં આ પડતાં કેમ?
પૂછું તો કહે: 'તું નાનો,
બોલે સમજ્યા વિણ શાનો?'

'ડાહ્યા–ડમરા થઈએ બેટા!'
રોજ મને બા કહેતી એમ,
હું વિચારું, – તો વીજળી આ
વાદળમાં ના જંપે કેમ?
પૂછું તો કહે: 'તું નાનો,
લખ લેસન છાનોમાનો.'

બાનું હૈયું વહાલભર્યું ને
અમૃતમીઠા એના બોલ;
પણ ના સમજાતું કે શાને
પછું ત્યારે કરતી ટોળ?
સ્વભાવ આવો ક્યમ બાનો?
રહું ઝૂરી છાનોમાનો!

# બાલુડાં તો આનું નામ !

લવકુશ બે લઢવાને ચાલ્યા
રામ તણી સેના સાથે;
માતાજીએ આશિષ આપી,
મૂક્યા મુનિએ કર માથે;
હારી સેના, હાર્યા રામ !
બાલુડાં તો આનું નામ !

ગાઢું જંગલ ઘોર ઘૂઘવતું,
શૂરાની કંપે કાયા;
પાંચ વરસનો ધ્રુવ તપે ત્યાં
ડોલે ઇંદ્રાસન-પાયા;
દર્શન દે આવી ઘનશ્યામ !
બાલુડાં તો આનું નામ !

શિક્ષા કીધી બહુ મનમાની,
કાળો કેર કર્યો બાપે;
પણ પ્રહ્લાદ અડગ અલબેલો
મચક નહીં જરીયે આપે;
શાંતિથી ખેલે સંગ્રામ !
બાલુડાં તો આનું નામ !

છળથી છેતરવાને આવી,
નંદ-જશોદા શું જાણે ?

રમાડવાને બહાને લીધો
ગોદે કૃષ્ણકનૈયાને :
પૂતનાને પહોંચાડી ઠામ !
બાલુડાં તો આનું નામ !

ગર્ભ મહીં જે શીખ્યો વિદ્યા,
કેવો એ બાલક બંકો;
કોઠાયુદ્ધે કમાલ કીધી,
વગડાવ્યો જશનો ડંકો :
ધન્ય ધન્ય રે એવી હામ !
બાલુડાં તો આનું નામ !

બાર વરસનો બાદલ ગરજે,
જાણે વીજનો ફૂવારો !
શત્રુમુખથી પણ વખણાયો,
ખીલ્યો શું કુંદન–ક્યારો !
અમ્મર કીધું જગમાં નામ !
બાલુડાં તો આનું નામ !

ભારતમાં ને દુનિયાભરમાં
બહુ થયા એવા બાળો,
હુંય બનીશ બા! એવો બહાદુર,
બાંધીશ ઊંચો જય–માળો;
ઉચ્ચરશે લોકો સૌ આમ;
'બાલુડાં તે આનું નામ !'

બહેન! મને પરીઓ જોવાની રઢ લાગી!
હો બહેન! મને પરીઓ જોવાની રઢ લાગી!
ફરતી એ વનમાં કે ઊડતી ગગનમાં?
હો બહેન! મને૦
હીંચતી ફૂલવેલમાં કે રમતી મણિમહેલમાં?
હો બહેન! મને૦
બીજ શી પ્રકાશતી કે વીજ શી એ નાચતી?
હો બહેન! મને૦
વસતી નાગલોકમાં કે ઊંચા દેવલોકમાં?
હો બહેન! મને૦
પહેરી સોનાચૂંદડી એ નિત્ય ફરે ફૂદડી?
હો બહેન! મને૦
મુખ એનું મીઠડું શું તુજ થકીય ફૂટડું?
હો બહેન! મને૦
ઝીણું ઝીણું ઝાંખતી તેં દીઠી એને આંખથી?
હો બહેન! મને૦
હસે શું આમ બહેની! મને વાત ખરી ક્હેની;
હો બહેન! મને૦
કે ખાલી ખાલી રાતમાં એ બાની વસે વાતમાં?
હો બહેન! મને૦

## એક છોડીની વાત

એવી એક મઝાની છોડી,
એની વાત કહું કૈં થોડી.

લીલાં લીલાં પાંદડાંમાં કળી રમે હસમુખ;
લીલી લીલી ઓઢણીમાં શોભે ગોરું મુખ! — એવી૦

ફૂલડે ફૂલડે ફરતી જેવી મધભૂખી મધમાખ;
દિલડે દિલડે રમતી એની મીન મીઠી આંખ! — એવી૦

કોયલ જેવું મધુરું મધુરું ગાતી સુંદર ગીત;
ઝરણા જેવી ઝમઝમ ચાલે, ઉપજે સૌને પ્રીત! — એવી૦

તરંગ જેવી, આંબાડાળે ખાય હિંચોળા ખૂબ;
કૂદડી ફરતાં ફરકે અંગો, જાણે વીજ ઝબૂક! — એવી૦

મેઘ સમી એના હૈયા પર વરસે સૌની મહેર;
પરીઓ આવી રાતે એને તેડી જાતી ઘેર! — એવી૦

રૂડી એની રૂપછટા ને રૂડાં એનાં કામ;
માતપિતાએ લાડ કરીને પાડ્યું 'રૂડી' નામ! — એવી૦

## બે છોડી

મારા ઘરમાં છોડી બે,
અજબ સરિખી જોડી એ!

ઘરની બહાર ન પગલું ભરે,
ઘરમાં હરે ને ઘરમાં ફરે!

ઘરમાં બેઠી ભાળે સૌ;
અલક મલક નિહાળે સૌ!

કદીકદી હસતી છાની છાની,
કદીકદી ભરતી ઊનાં પાણી!

રાતે કુમળી ચાદર ઓઢી,
જાતી બંને સાથે પોઢી!

રૂપે શ્યામ સલૂણી બે,
ચાલે ચંચલ હરણી એ!

એ વિણ સૂનું ઘર મારું,
ધોળે દહાડે પણ અંધારું!

જુએ કેવી ટગમગ ટીકી,
એ તો મારી આંખની કીકી!

# કેમ, ખરું ને?

અમને ફૂલડાં ગમે છે ફૂલવાડીનાં!
સોના-રૂપાથી સવાઈ,
કેમ, ખરું ને, હેં ભાઈ?
અમને ફૂલડાં ગમે છે ફૂલવાડીનાં!
અમને તારલા ગમે છે ગગનગોખના!
વીજ-દીવાથી સવાઈ,
કેમ, ખરું ને, હેં ભાઈ?
અમને તારલા ગમે છે ગગનગોખના!
અમને બહુ બહુ ગમે છે ઝાકળ-બિંદુડાં!
હીરા-મોતીથી સવાઈ,
કેમ, ખરું ને, હેં ભાઈ?
અમને બહુ બહુ ગમે છે ઝાકળ-બિંદુડાં!
અમને સોણલાં ગમે છે માઝમરાતનાં!
પાઠપોથીથી સવાઈ,
કેમ, ખરું ને, હેં ભાઈ?
અમને સોણલાં ગમે છે માઝમરાતનાં!
અમને ટહુકા ગમે છે કોયલબહેનીનાં!
મીઠી મીઠાઈથી સવાઈ,
કેમ, ખરું ને, હેં ભાઈ?
અમને ટહુકા ગમે છે કોયલબહેનીનાં!

# અજબ-ગજબ

અજબ-ગજબ બે ખરા તડાકી, ગપ્પીદાસ પણ તેવા;
ફેંકે એવા ગપગોળા કે ચકિત થઈએ તેવા!

એક દિવસ બે મળ્યા માર્ગમાં લાગ્યા વાતો કરવા,
આડું અવળું દઈ પતાવી પડ્યા તરંગે તરવા!

અજબ કહે સૂણ ગજબભાઈ તું, નવાઈ નજરે દીઠી;
એક છલંગે, એક ઠેકડે, કૂદી ડુંગર કીડી!

ગજબ કહે એ વાત મઝાની, હશે સો ટકા સાચી;
એ જ હશે એ કીડી, જેણે ગળ્યો ઝૂલતો હાથી!

અજબ કહે, સુણ વાત બીજી તું, આંક વાળતી આડો;
વાતો કરતાં વળી વળી, મેં દીઠાં વનમાં ઝાડો!

ગજબ કહે એમાં શંકા શી? નથી વાત એ જૂઠી,
મેં પણ કાનોકાન સાંભળી એમની વાતો મીઠી!

અજબ કહે, શી વાત કરું, એક દીઠો ગજબનો ઊંડો,
સાત સાગરો સમાય એવો પંદરફૂટિયા ખાડો!

ગજબ કહે, શાબાશ બિરાદર, વહેમ લાવું કાં વાતે?
એ ખાડો તો કૈંક વખત મેં કૂદ્યો છે મારી જાતે!

અજબ કહે, ઓ ગજબ દોસ્ત, તારી અક્કલ છે કૈં અજબ!
ગજબ કહે, તું પણ ક્યાં કમ છે? અજબ! કરે તું ગજબ!

વાટે ઘાટે મળે કદી જો અજબ-ગજબની સ્વારી,
જરૂર થોભજો ઘડીક, તમને ગમ્મત પડશે ભારી!

## એમ કેમ થાય?

ફૂલડાં વીણું ને – મને એમ કેમ થાય?
ઘેલું આ દિલ ત્યાં પતંગ બની જાય!
પતંગ બની જાય!

તારલા જોઉં ને – મને એમ કેમ થાય?
લાખ લાખ હીરલે ત્યાં હૈયું આ મઢાય!
હૈયું આ મઢાય!

કૂદડી ફરું ને – મને એમ કેમ થાય?
વીજળી આવીને મારા અંગમાં ભરાય!
અંગમાં ભરાય!

હીંચકે ઝૂલું ને – મને એમ કેમ થાય?
ધરતી ને આભ બધું એક બની જાય!
એક બની જાય!

નીંદર કરું, ને – મને એક કેમ થાય?
હોડલે બેસાડી મને કોક લઈ જાય!
કોક લઈ જાય!

બાને દેખું, ને – મને એક કેમ થાય?
અંતર ને આંખ બધું ત્યાં જ ઠરી જાય!
ત્યાં જ ઠરી જાય!

## આવો કનકવા ચગાવિયે !

આવો કનકવા ચગાવિયે !
એ....આવો કનકવા ચગાવિયે !

વાયુ શો મધુર વાય !
આભ ઊજળાં સુહાય !
સરરરર દોરી ચાલી જાય !
આવો કનકવા ચગાવિયે ! — એ .... આવો૦

દૂર દૂર દૂર જાય !
નયન મલક મલક થાય !
હૈયું હર્ષથી હિંચાય !
આવો કનકવા ચગાવિયે ! — એ .... આવો૦

વાદળીથી વાત કરે,
ઠુમકે ગુલાંટ ભરે,
બિન્દુ બની થીર ઠરે !
આવો કનકવા ચગાવિયે ! — એ .... આવો૦

સૂરજ આજ ઉત્તરે,
સોહામણી ઋતુ ફરે,
ઉમંગના ઝરા ઝરે !
આવો કનકવા ચગાવિયે ! — એ .... આવો૦

ખેલતાં શિશુ લડે,
સામસામી આથડે,
એવી પેચ જો ચડે!
આવો કનકવા ચગાવિયે! — એ .... આવો૦

ચાલી આ પતંગ-લૂંટ,
દોડાદોડ ઝૂંટા ઝૂંટ,
સામટી જ તૂટાતૂટ!
આવો કનકવા ચગાવિયે! — એ .... આવો૦

જામી આજ ઓર મઝા!
છાપરાં અગાસી છજાં,
ફરફરે પતંગ ધજા!
આવો કનકવા ચગાવિયે! — એ .... આવો૦

આભમાં પતંગ રમે,
જાણે પંખીડાંઓ ભમે!
કોને ઊડવું ન ગમે?
આવો કનકવા ચગાવિયે! — એ .... આવો૦

આવો આપણેય આજ,
સ્નેહદોરી ઝાલી હાથ,
ઊડીએ વિશાળ આભ!
આવો કનકવા ચગાવિયે! — એ .... આવો૦

## કાવડ

કાવડ કોણે એ કીધી ?
હો રે ભાઈ! કાવડ કોણે એ કીધી ?

એ રે કાવડને કાંધે ધરીને આવે ભૈયાજીની સ્વારી,
શિંગ–ચણાની ફેરી ફરીને અમને દિયે મોજ ભારી!
એણે એને રોટલી દીધી:
હો રે ભાઈ! કાવડ કોણે એ કીધી ?

એ રે કાવડને કાંધે ધરીને દૂધ વેચે દૂધવાળા,
દૂર દૂરથી માલ વહોરીને લાવે કેંક મજૂર બિચારા;
ગરીબોને પેટીઉં દેતી:
હો રે ભાઈ! કાવડ કોણે એ કીધી ?

એ રે કાવડને કાંધે ધરીને બાવાજી ભીખવા આવે,
ઘર ઘર ઘૂમીને રામને નામે દાળચોખા ઉઘરાવે;
ચરી ખાય પારકી ખેતી:
હો રે ભાઈ! કાવડ કોણે એ કીધી ?

એ રે કાવડને કાંધે ધરીને શ્રવણે જીવન ઉજાળ્યાં,
આંધળાં માતાપિતાને ઉમંગથી તીરથ સર્વ કરાવ્યાં;
જગતમાં નામના લીધી:
હો રે ભાઈ! કાવડ કોણે એ કીધી ?

# પડછાયો

આગળ ચાલું, પાછળ ચાલું,
ડાબા–જમણી મહાલું;
વાંકો–ચૂકો, લાંબો–ટૂંકો,
કૈં કૈં વેષો ધારું!

ખાતા સાથે ખાઉં,
ને નહાતા સાથે નહાઉં,
જાતા સાથે જાઉં,
ને ધાતા સાથે ધાઉં;

અજવાળે અળગો ના થાઉં:
રાત પડે ને નહાસી જાઉં!

રૂપે છેક નથી રુપાળો,
કાજળ જેવો કાળો કાળો;
છોડાવ્યો છૂટો નહીં થાઉં,
જ્યાં જાઓ ત્યાં સાથે આવું!

સાંજ સવારે જોશો તો તો લાગીશ તમને ભૂંડો;
પણ મધ્યાહ્‌ને જોશો તો તો લાગીશ છેક ઠીંગો!

બાલુડાનો 'હાઉ',
પણ ના કોને ખાઉં;
મીટ માંડીને જોઈ રહો તો
ઊલટો હું રીઝાવું!

જોઈ મને ના બીશો, હં,
મનડે ના મૂંઝાશો, હં;

જડ ચેતન સહુનો છું સાથી,
સદા સર્વનો છું સંગાથી :

ઝાલ્યો ના ઝલાઉં,
માર્યો ના મરાઉં;
કાઢ્યો ના કઢાઉં,
તાણ્યો ના તણાઉં !

મને વહાલો ધરતી–ખોળો,
મારું નામ........ઓ........ળો !

# નહીં, નહીં ને નહીં!

કામ વિના મેં નવરી દીઠી કોઈ મધમાખ નહીં,
રંગવિહોણી પતંગિયાંની ક્યાંયે નિરખી પાંખ નહીં!

તળાવકાંઠે બગલાની મેં દીઠી નિર્મળ આંખ નહીં,
એક એકડા વગર દીઠી મેં લાખ મીંડાંની શાખ નહીં!

ઘૂઘવતા દરિયામાં દીઠી ઝરણાંની સલુકાઈ નહીં,
તારાઓને ટોળે દીઠી ધ્રુવ સમ ગંભીરાઈ નહીં!

ભમતી મંકોડામાં દીઠી કીડીની ચતુરાઈ નહીં,
વહાલ વિષે તો બાથી દીઠી કો'નીયે સરસાઈ નહીં!

સૂરજના ઘરમાં મેં જોયો અંધારાનો વાસ નહીં,
ભૂખે મરતા કેસરીને મેં ખાતો ભાળ્યો ઘાસ નહીં!

કરોળિયાને હૈયે નિરખ્યો નિરાશાનો ત્રાસ નહીં,
બંદા જેવો કોઈ હૃદયમાં દીઠો મેં ઉલ્લાસ નહીં!

# ચાડિયો

જૂનો પૂનો કોટ પહેરીને માથે બાંધી ફાળિયું,
ઊંચા માળે ઊભો રહીને કરતો રહું રખવાળિયું!

હાલું ચાલું બોલું નહીં બસ ખડે પગે રહું ઊભો;
ટાઢ તાપ વરસાદ થાકનો મનમાં રાખું નહીં ભો.

પોલીસ જેમ પસારી હાથો ઊભા રહેવું મારે;
ખાવું પીવું હરામ, કરવી નોકરી બિનપગારે!

નાહવા–ધોવાની નહીં ચિંતા, નહીં કપડાં બદલ્યાની;
પવન આવીને કરે અડપલાં 'ઢઠ્ઠો' મુજને માની!

સરખાં મારે ચંદ્ર સૂરજ ને રાત તણાં અંધારાં;
જોઉં ઉઘાડી આંખેઃ–મારે ઊંઘ તણા ઉધારા!

આભ ઉપર ને ધરતી નીચે નહીં સંગમાં કોઈ;
દયા ન દીઠી કોઈ આંખમાં દશા મુજ આ જોઈ!

પંખીઓ ચણવાને આવે વળીને ટોળેટોળાં;
હાલું–બોલું નહીં છતાં મને જોઈ ભાગતાં ભોળાં!

જંગલમાં સાધુ તપ કરતા, હું કરતો અહીં વગડે;
સાધુનો જયકાર કરે, મને જોઈ મુખ સહુ મરડે!

સદા કરૂં ઉપકાર, નથી હું કદી કોઈને પીડતો;
ચુગલીખોરને 'ચાડિયો' કહી મારી કરે બદનામી લોકો!

ફૂલ સિંદૂર લઈ પૂજતા લોકો જઈ પથ્થરનો પાળિયો,
આટ–આટલી સેવા કરૂં પણ હજી રહ્યો હું 'ચાડિયો'!

# આવી છે વસંત !

ફૂલડે ફૂલડે ફોર, અને આંબે આંબે મ્હોર,
તેમાં વળી થાય મીઠા કોયલના શોર !

ઊડી ગઈ છે ટાઢ, નથી તાપ કે ઉચાટ,
ધીરા ધીરા વાય વાયુ, ના મસ્તી – ઘોંઘાટ !

ચોખ્ખું ઊજળું આભ, ત્યાં ના વાદળીઓની ભાત,
સવાર, સાંજ ને બપોર સઘળાં લાગે છે રળિયાત !

વેલડીઓની સંગ, ખેલે ભૃંગ ને પતંગ,
ઊડતાં–ઝૂલતાં તરુની ડાળે ગાતાં ગીત વિહંગ !

મ્હેંક ભરેલો માઘ, લાવ્યો રઢિયાળો આ ફાગ,
હોળીના હોળૈયા નાચે કાઢી ગમતા રાગ !

વ્હેતાં ઝરણાં મંદ, હસે સૂરજ ને ચંદ,
ધરતી ઉપર વરસે જાણે આનંદ ! આનંદ !

ચાલો ભૈયા ! સંગ, છાંટો પીચકારીએ રંગ,
હસી ખુશીની તાળી પાડો, આવી છે વસંત !
વહાલી આવી છે વસંત !

# વસંતને પગલે

ઝાડોની ડાળો મલકી ને કિલકિલતી કૂંપળ નાની,
વેલડીઓએ સાજ સજ્યા ને લીધી કરમાં ફૂલદાની;
ખીલ્યો ધરતી કેરો બાગ;
ફૂલ્યો રે કેસરિયો ફાગ!

પરીઓ જેવી મંજરીઓ આ આવી બેઠી આંબાડાળ,
ડોલે તરણાં ડોક નમાવી, વહેતા વાયુ ધીરે ચાલ;
કાઢે કોયલ રૂડા રાગ;
ફૂલ્યો રે કેસરિયો ફાગ!

ફૂલડાંની ફોરમ છંટાતી, ગાતાં પંખી મધુરાં ગાન,
રાતે ચાંદરણાંમાં નાહતાં તનમન સૌ થાતાં મસ્તાન;
વરસે થળથળ પ્રેમપરાગ,
ફૂલ્યો રે કેસરિયો ફાગ!

હરિયાળું હરિયાળું લાગે ચોગમ જ્યાં ફેંકું લોચન,
ખીલી સુંદરતા શી ન્યારી! હરખે હૈયું, નાચે મન;
ઉભરાતો આનંદ અથાગ;
ફૂલ્યો રે કેસરિયો ફાગ!

# શિખામણની સજા

ચોમાસાના દહાડા,
રહ્યા થોડા આડા,
આંધે ઝાડે માળા,
પંખીઓ રૂપાળાં.

સુગરીએ માળો,
બાંધ્યો રઢિયાળો,
મોટા એક ઝાડે;
સુખે દિન કાઢે.

આવ્યો ત્યાં અષાઢ,
જામી હેલી ગાઢ,
પાણી ધોધમાર,
પડે બેસુમાર.

દ્વાર કને આવી,
ડોકને નમાવી,
જુએ ચારે કોર,
સુગરી ચકોર.

છાયો અંધકાર,
ને પાણીનો ન પાર;
વીજળીનાં બાણ,
ઊડે આસમાન :

થાય ગડગડાટો,
શું જ્વાલામુખી ફાટયો!

જુએ હરખાતી,
દ્વારમાં લપાતી,
મેઘજીની મહેર,
સુગરી ચતુર.

એવે પડ્યો આંખે,
ઝાડ કેરી શાખે,
માળાની નજીક,
કપિરાજ એક.

ધ્રૂજે તન ટાઢે,
દાંત કકડાવે;
બેઠો અકડાઈ,
મેઘથી ચીડાઈ.

સાહસિક શૂરો,
બળે ના અધૂરો,
તેથી જોઈ આવી,
દશા, દયા લાવી,
પામતી નવાઈ,
વદે સુગરીબાઈ :

'ભાઈ કપિરાણા!
ચતુર ને શાણા,
બળમાં ન ઓછા,
કેમ થઈ પોચા,
ટાઢથી ન વારો,
દેહ આ તમારો?

કપરી આ ટાઢ,
ધ્રૂજે હાડ હાડ,
માથે પડે પાણી;
કૈંક દયા આણી,
ગોતી કોઈ સ્થાન,
બની યત્નવાન,
બાંધો મોટો માળો,
ચોમાસું ત્યાં ગાળો.

કાયા મજબૂત,
હાથ છે સાબૂત,
તોયે દુઃખ વેઠો,
શીદ તન પીડો?
બેઠા છો દબાઈ.
પામું છું નવાઈ.

જુઓ, નાની હું છું,
સુખથી રહું છું,
તોયે બાંધી માળો,
હુંફાળો, રૂપાળો:

અને મોટા આપ,
આમ ચૂપચાપ,
ઘર વિના ઘેલા,
ભટકો એકેલા?'

સુગરીનાં સૂણી,
વેણ, શિશ ધૂણી,
ચિત્તમાં ચીડાઈ,
અને ઉદ્ધતાઈ
થકી મન માઝા
મૂકી, કપિરાજા
દિલમાં વિચારે:

'શું મેણા મને મારે?
સુગરી આ નાની,
કેવી અભિમાની!
પાડી મને ચાળો,
દે છે કેવી ગાળો?

શીખ એની માનું
તો કપિપણું શાનું?
કેવી વાહી વાહી
વાત કરે ડાહી!

એને કંઈ ભાન,
છું કેવો બુદ્ધિમાન?
અધિકાર છોડી,
ફેરવવા બેઠી
શિખામણની ઘંટી;
દુનિયા શી વંઠી!'

લહી એમ ક્રોધે;
ઝટ્ એક્કી ઠેસે,
કપિરાજ કૂદ્યા,
ને ઝાડપાન ધ્રૂજ્યા.

કીધી હૂપાહૂપ;
ને સુગરી તો ચૂપ
થઈને નિહાળે,
ત્યાં આવ્યા કપિ ફાળે!

'સુગરી એ શાણી!
ધન્ય તારી વાણી!
શિખામણ તારી,
મેં દિલમાં ઉતારી;
જો દુઃખ હવે તારાં,
કાપી નાખું સારાં!'

સુગરીને એમ
કહી, વાઘ જેમ,
કસી નિજ અંગ,
ઠેકવી છલંગ,
વાંદરાએ કૂદી,
માળો નાંખ્યો છૂંદી!
છૂંદી નાંખી માળો,
મારીને ઉછાળો,
જઈ બેઠો દૂર,
કપિરાજ કૂર.

ડાહી સુગરીને
થયું, ક્યાંથી મને
સૂઝી બુધ આવી,
હું બેઠી સૌ ગુમાવી.

થઈને નિરાશ,
કેવળ ઉદાસ,
હૈયું મથી મથી
વાત એક વદી:

'લાગે તેને દૈયે,
શિખામણ હૈયે,
અનાડીને દૈયે,
તો મૂળગેથી જૈયે.'

# અભિલાષ

મારી આંખલડીના તારા!
તમે કરો મીઠા પલકારા,
કરો તેજભર્યા ચમકારા,
જેથી હસી ઊઠે અંધારા!

મારા હૈયા કેરી હોડી!
તું જાને દરિયે દોડી,
તને મૂકું એકેલી છોડી,
જા! જઈને શોધ કિનારા!

મારા નાનકડા મનપંખી!
થા એવું અભય ઉમંગી,
તને પાંખ મળી રંગરંગી,
કર સફર આભમાં સારા!

મારા આતમની ફૂલવાડી!
તું ખીલજે દ્હાડી દ્હાડી,
ફૂલ-ફૂલડે પતંગ રમાડી,
ભર સુગંધથી જગક્યારા!

## જો —

જો આભે દીવડા સળગાવી
દીપકમાળા કીધી હોય,
ને ત્યાંના સૌ તારા લાવી
ઘરઘર અહીં જો મૂકયા હોય!
તો કેવી દિવાળી થાય?
ને હૈયાં કેવાં હરખાય?!

વાદળના જબ્બર પહાડો જો
અવની પર આવી પથરાય,
ને ધરતીના પહાડો ગગને
પવન મહીં જો તરતા થાય!
તો તો કૌતુક કેવાં થાય?
ને હૈયાં કેવાં હરખાય?

ઉષા ને સંધ્યાની વેલો
આ ધરતી પર ઊગતી થાય,
ને અહીંની રંગીન ફૂલવાડી
જો આકાશે ખીલતી થાય!
તો દુનિયા કેવી દેખાય?
ને હૈયાં કેવાં હરખાય?

આકાશે વસતી પરીઓ જો
આ અવનીએ વસતી થાય,

ને સહિયર સૌ સંગે બ્હેની!
તું જો ત્યાં વસવાને જાય!
તો સ્વર્ગે શા ઉત્સવ થાય?
ને હૈયાં કેવાં હરખાય?

મીઠા મધુરા સૂર પવનના
ઊતરી અહીં જો ગુંજતા થાય,
ને બ્હેની! હું તરતો તરતો
ગાઉં ગીત પવનની માંય!
તો તુજ હૈયે શું શું થાય?
કહું? હેતનાં પૂર રેલાય!

# મને તારો દીવડો કરજે

મને તારો દીવડો કરજે રે,
દિવાળી! દીવડો કરજે રે;
મને તારો દીવડો કરજે રે!

રંગ-ઉમંગભર્યાં મલકંતા ઊડે આલુડાં પતંગ;
એ રે પતંગ શો પ્રાણ જ મારો, એવાં રૂડાં મુજ અંગ;
તેમાં તારાં તેજ તું ભરજે રે,
દિવાળી! તેજ તું ભરજે રે;
મને તારો દીવડો કરજે રે!

ઘર ઘર દીવડા કરતી તું આવે, લાવે લક્ષ્મીની સુવાસ;
સંભળાવે વીણા શારદામાની, ઉજાળે અંધ અમાસ;
એવું મને કૈંક શિખવજે રે,
દિવાળી કૈંક શિખવજે રે;
મને તારો દીવડો કરજે રે!

રૂમઝૂમતાં તારાં પગલાં રૂપાળાં જગમાં ફરે પંચરાત;
અખંડ દીવડો તારો બનું, તને અમ્મર રાખું માત!
આશા મારી પૂરણ કરજે રે,
દિવાળી! પૂરણ કરજે રે;
મને તારો દીવડો કરજે રે!

# બાલુડો ગુજરાતનો

શૂરો અને સાહસભર્યો હું બાલુડો ગુજરાતનો!
છે ધન્ય મારી ભોમ ને હું બાલુડો ગુજરાતનો!
ગિરનાર, પાવાગઢ અને શેત્રુંજ સમા જ્યાં પર્વતો;
એનાં ઝરણાં પી ઊછર્યો હું બાલુડો ગુજરાતનો!
સાબરમતી, તાપી, મહી ને નર્મદાના નીરમાં;
નાહતો અને વળી નાચતો હું બાલુડો ગુજરાતનો!
સાગર અમારે આંગણે ફાળો ભરે ફીણો ભરી;
એના તરંગો નાથતો હું બાલુડો ગુજરાતનો!
હરિયાળી જેની ગોદમાં કલ્લોલતી કુદરત સદા;
બંસી બજાવું ત્યાં ઊભો હું બાલુડો ગુજરાતનો!
જેના સપૂતો નામ પામ્યા દેશ ને દુનિયા મહીં,
રાખીશ અમર એ નામના હું બાલુડો ગુજરાતનો!
એના ચરણમાં શિર ને એના ચરણમાં પ્રાણ આ,
ગરવો અને ગૌરવભર્યો હું બાલુડો ગુજરાતનો!

□

શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળાની

## નવી પ્રગટ થયેલી આઠ ચોપડીઓ

| | | |
|---|---|---|
| ડિંગડાંગ ડિંગડાંગ (બાળકાવ્યો) | યોસેફ મેકવાન | રૂ. ૨-૦૦ |
| ઠેરનાં ઠેર (બાળવાર્તાઓ) | શ્રદ્ધા ત્રિવેદી | રૂ. ૨-૨૫ |
| દૂધના દાણા (બાળકાવ્યો) | ચન્દ્રવદન ચી. મહેતા | રૂ. ૪-૦૦ |
| સૂરજ, તારી છાયા (બાળનાટક) | જ્યોતિર્ રાવલ | રૂ. ૩-૦૦ |
| મહેનતની મીઠાશ (પ્રેરક પ્રસંગો) | મુકુલભાઈ કલાર્થી | રૂ. ૩-૦૦ |
| ઝગમગિયાં (બાળકાવ્યો) | અમૃતલાલ પારેખ | રૂ. ૪-૦૦ |
| રમતાં રમતાં રાત પડી (બાળકાવ્યો) | ફિલિપ કલાર્ક | રૂ. ૨-૦૦ |
| પ્રભાશંકર પટ્ટણી ( જીવનકથા) | મુકુન્દરાય પરાશર્ય | રૂ. ૧૦-૦૦ |

□

આ અને બીજાં પરિષદ-પ્રકાશનો માટે
સંપર્ક સાધો :


પ્રકાશન વિભાગ

# ગુજરાતી સાહિત્ય પરિષદ

આશ્રમ માર્ગ, નદીકિનારે, પો. ઑ. નં. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૭૭૯૪૭

## શ્રી હરિ ૐ આશ્રમ પ્રેરિત

# નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

કસ્તૂરબા — સોમાભાઈ ભાવસાર
નવાં ગીતો (ભા.-૩) — ત્રિભુવન વ્યાસ
ફૂલવાડી — નિરંજન સરકાર
ધરતીની મહેક — વસંત નાયક
બીલીપત્ર — મહીપતરામ જોશી
તૈયાર હો — વસંત નાયક
ભીલીની કિશોરકથાઓ — યોગેન્દ્ર વ્યાસ
ચાલો, આપણે ભજવીએ — ચન્દ્રવદન શુકલ
નાના છતાં મોટા — ઉપેન્દ્ર ભટ્ટ
સાત ચરિત્રો — નગીનદાસ પારેખ
દે તાલ્લી — રમેશ પારેખ
હાઉક — રમેશ પારેખ
ગુલાબી આરસની લગ્ગી — હરિકૃષ્ણ પાઠક
તોફાન — યૉસેફ મેકવાન
જંગલ જીવી ગયું રે લોલ — ઇન્દુ પુવાર
સરવરિયાં — અમૃતલાલ છ. પારેખ
ચાંદલિયાની ગાડી — ચંદ્રકાન્ત શેઠ
રુમ્મક ઝુમ્મક — રવીન્દ્ર ઠાકોર
ડિંગડૉંગ — યૉસેફ મેકવાન
ઝૂનઝૂન ઝૂ બૂબલા બૂ — ઇન્દુ પુવાર
પારિજાતનાં ફૂલ — મુકુલભાઈ કલાર્થી
દાદાજી વારતા કહોને ! — ,,
નાનપણની વાતો — ,,
પગલે પગલે પ્રકાશ — ,,
પ્રેરણાની પરબ — ,,
ફૂલડે ફૂલડે ફોરમ — ,,
ચાલો રમીએ નાટક નાટક — પ્રકાશ લાલા
તરાપો — સ્નેહરશ્મિ
ઉજાણી — સ્નેહરશ્મિ
એનઘેન દીવાઘેન — ધીરેન્દ્રસિંહ રાઠોડ
કોઈનું કંઈ ખોવાય છે — હરિકૃષ્ણ પાઠક
ચીં — રમેશ પારેખ
ગપ્પાંગાડી — સુધીર દેસાઈ
ઠેરનાં ઠેર — શ્રદ્ધા ત્રિવેદી
દૂધના દાણા — ચન્દ્રવદન મહેતા
સૂરજ, તારી છાયા — જ્યોતિર્ રાવલ
મહેનતની મીઠાશ — મુકુલભાઈ કલાર્થી
ઝગમગિયાં — અમૃતલાલ પારેખ

ગુજરાતી સાહિત્ય પરિષદ
આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૯